ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Refereed e-Journal

# રેડિયો રૂપક અંગે કંઈક સર્જન – દર્શન

**ભાટુ ભરત બી.**
**આચાર્ય, તાલુકા શાળા પાટણવાવ, તા. ધોરાજી**

## એકાંકી,રેડિયો–રૂપક :

એકાંકીકાર માટે રેડિયો એક વિશાળ યંત્ર છે, પરંતુ તખ્તા માટે નાટક લખવું અને રેડિયા માટે નાટક લખવું એ બંને કળાઓ અલગ છે. બંનેની લેખનકળા ભિન્ન છે. બંનેની આયોજનકલા ભિન્ન છે. રજૂઆત કરવાની પ્રકૃતિ પણ જુદી છે. વસ્તુપસંદગી, વસ્તુનિરૂપણ,પાત્રાલેખન,સંવાદ પદ્ધતિ,રંગભૂમિનાં નાટકો અને રેડિયોના નાટકોમાં ભિન્ન હોય છે. રંગભૂમિનું નાટક દશ્ય અને શ્રાવ્ય બંને છે, જયારે રેડિયો– નાટિકા માત્ર શ્રાવ્ય છે. રંગભૂમિના નાટકનું માધ્યમ તખ્તો છે,રેડિયો – નાટિકાનું માધ્યમ માઈક્રોફોન છે.

## રેડિયો રૂપકમાં વસ્તુ – સંવાદની ગૂંથણી :

રંગભૂમિ માટે લખતો લેખક લોકરુચિના પરિચયને લીધે સરળતાથી વસ્તુની પસંદગી કરી શકે છે. રેડિયો–લેખક અદશ્ય શ્રોતાઓની અજ્ઞાત રુચિને ધ્યાનમાં રાખીને નાટક લખવાનું હોય છે. રેડિયો–નાટિકાનું વસ્તુ કુટુંબની કોઈપણ વ્યકિતને સાંભળતાં ક્ષોભ થાય એવું ન હોવું જોઈએ. એકાંકીની જેમ રેડિયો –નાટિકાનો આરંભ ને ઉઘાડ આકર્ષક, ઉદ્‌ઘાટન કાર્યલક્ષી અને વિકાસ ઝડપી હોવો જોઈએ,એકાંકીની જેમ રેડિયો નાટિકાને જે વાત કહેવાની છે, તે સીધી રીતે અને સ્પષ્ટતાથી કહેવાની છે. શ્રોતા વર્ગ અદશ્ય છે અને અવાજ સિવાય નાટયતત્વોને સ્ફુટ કરવાના અભિનયનાં – બીજાં સાધનોનો અભાવ છે, એટલે વસ્તુ અને સંવાદની ગૂંથણી રેડિયો –નાટિકામાં અગત્યની છે.

નાટયલેખક રંગભૂમિ માટે નાટક લખે કે રેડિયો માટે –સંવાદ પર એનું પ્રભુત્વ હોવું જ જોઈએ. રંગભૂમિના નાટક કરતાં રેડિયો નાટિકામાં સંવાદનું મહત્વ વધારે છે, તે એ કારણે કે રેડિયો – નાટિકામાં સંવાદને આંગિક અભિનયની મદદ નથી. સંવાદના મહત્વને લીધે રેડિયો– નાટિકાનું એક મોટું ભયસ્થાન એ છે કે તે ઘણીવાર સંવાદ – પ્રચુરતામાં સરી જાય છે. રેડિયો–નાટિકા એ માત્ર સંવાદ લેખનની કલા છે,એવો એક સામાન્ય ભ્રમ પણ સેવાય છે. રંગભૂમિના નાટકની જેમ, રેડિયો–નાટિકામાં પણ સંવાદને પાત્ર સાથે સંબંધ છે, વસ્તુવિકાસ સાથે સંબંધ છે. પાત્રો બોલી શકે એવા સંવાદો હોવા જોઈએ. તખ્તા માટેનાં નાટકોની જેમ સંવાદમાં પાત્રાલેખનનાં તત્વો હોવાં જોઈએ. એટલે કે અમુક સંવાદ અમુક પાત્ર જ બોલી શકે અને અમુક પાત્રના મોંઢામાં

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Refereed e-Journal

જ શોભે એવી એની વિશેષતા હોવી જોઈએ. એક જ સંવાદ બધાં પાત્રો ન બોલી શકે. બળી રેડિયો –નાટિકાની સમય મર્યાદા ધ્યાનમાં રાખીને સંવાદની માવજત કરવાની છે. એકાંકીની જેમ રેડિયો– નાટિકામાં પણ એક શબ્દ જોખીને વાપરવાનો હોય છે.

''In all the dramatic writings a word alone or phrase pulls more than its dictionary weight". લુ. મેકનિસનું આ વાકય ધ્યાનમાં રાખવા જેવું છે. સંવાદો ચમકદાર, ચબરાકિયા, ચોટદાર અને ધ્યેયલક્ષી હોવા જોઈએ. સંવાદ ગમે તેવા કાળ ક્રમે પલટા લે, પણ પોતાનું ધ્યેય એ કદી ન ચૂકે. સંવાદમાં ગતિ જોઈએ એ ગતિ શ્રાવ્ય હોવી જોઈએ પાત્રના અવાજમાં પણ આરોહ–અવરોહ હોવા જોઈએ. પાત્રના કંઠની કાબેલિયત રેડિયો– નાટિકા માટે આવશ્યક છે. રેડિયો–નાટિકા ના સંવાદમાં 'શ્રાવ્યગતિ' રાખવા માટે અવાજની ભિન્ન ભિન્ન કોટિ ધરાવતી વ્યકિતઓની પસંદગી જરૂરી છે. વળી નાટક પણ એવું હોવું જોઈએ કે જેમાં અવાજને જેટલો ખીલવવો હોય તેટલો ખીલવી શકાય.

## ધ્વનિનો ઉપયોગ અનિવાર્ય :

તખ્તા પર દશ્ય સામગ્રી હોય, નાટકના 'મૂડ' કે વાતાવરણને ઉઠાવ આપવામાં, વાતાવરણનું સર્જન કરવામાં એ મદદરૂપ થઈ પડે. રેડિયો–નાટિકામાં આવી દશ્ય સામગ્રીનો અભાવ, એટલે વાતાવરણ ઊભું કરવા માટે તેમજ બીજાં કેટલાક ઉપયોગી હેતુઓ સાધવા માટે ધ્વનિનો ઉપયોગ અનિવાર્ય પડે છે. ધ્વનિ દ્વારા નટનો ભાવ પણ વ્યકત થઈ શકે છે. તખ્તા પર ક્રોધની લાગણી દર્શાવવા માટે નટ અવાજમાં ઉગ્રતા લાવે, મૌન બની મુખમુદ્રા કડક બનાવે, ભ્રમરો ચઢાવે, હાથ પગનો અભિનય કરે, જયારે રેડિયો–નાટિકામાં આ બધું શકય નથી. આ ક્રોધ ધ્વનિના માધ્યમ દ્વારા દર્શાવી શકાય. પાત્ર પગ પછાડતું આવે, બારણું અફાળે, ભાંગી જાય એવી વસ્તુ હોય તો તે પછાડ, ક્રોધની લાગણી દર્શાવવા આ બધું થઈ શકે. નાટકમાં પડદો કાર્યની ગતિ સૂચવે છે, તેમ ધ્વનિ રેડિયો– નાટિકની ગતિ સૂચવી શકે. રંગભૂમિના 'વિરામ' ની સરખામણીમાં રેડિયો–નાટિકાનો વિરામ અતિ અલ્પ હોય છે, કારણ કે વિરામ પછી નાટયગૃહમાં પ્રેક્ષકોનો સમુદાય હોય છે, ોબ(( જથ્ઉઃત્લ(? હોય છે, એટલે પ્રેક્ષકો 'વિરામ' પછી તરત પાત્રની મનોદશા સાથે તાદાત્મ્ય સાધી શકે છે, રેડિયો – નાટિકા સાંભળનાર એક વ્યકિત કે વ્યકિતસમૂહ છે, એટલે જો વિરામ દીર્ઘ હોય, તો એને પહેલાંની મનોદશામાં આવતાં વાર લાગે. રેડિયો–નાટિકામાં આથી વિરામ અલ્પ હોવો જાઈએ.

## ધ્વનિ નિયોજનની મર્યાદા :

ધ્વનિનો ઉપયોગ રેડિયો–નાટિકામાં અનિવાર્ય છે. રેડિયો–નાટિકા શ્રાવ્ય હોવાથી શ્રોતાનાં કલ્પનાચક્ષુ આગળ ચિત્રો ખડાં કરવા ધ્વનિ નિયોજન એક રીતે અનિવાર્ય થઈ પડે છે. જો કે ધ્વનિ નિયોજનને અજુગતું મહત્વ ન આપવું જોઈએ. ઉત્તમ અને સફળ રેડિયો–નાટિકામાં ઓછામાં ઓછું ધ્વનિ નિયોજન હોય છે. ઘણીવાર અનેક ધ્વનિ શ્રોતાના મનમાં ગૂંચવાડો ઊભો કરે

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Refereed e-Journal

છે. એકાદ ચોક્કસ, સરસ અને સૂચક ધ્વનિ ધારી અસર ઉપજાવે છે. મોટર, રેલવે કે પાણીના ધોધનો ધ્વનિ સાથે સાથે કે એક પછી એક આવી જાય તો શ્રોતાને પારખવામાં મુશ્કેલી પડે છે. ધ્વનિ આપતાં પહેલાં એનો પ્રયોગ કરી, ધાર્યુ પરિણામ આવતું હોય તો જ ધ્વનિ આપવો. ધ્વનિનું સ્થાન સંગીત જેટલું મહત્વનું નથી. ધ્વનિનો ઉપયોગ એક ચોક્કસ અસર ઉપજાવવા માટે જ થવો જોઈએ.

## રંજનતત્વ ને સંગીત :

પાત્રને ઉઠાવ આપવા અગર તો પાત્રની મનોદશાનો પડઘો પાડવા સંગીત આવશ્યક છે.સંગીત વસ્તુના પોતમાં તાણાવાણાની જેમ ગૂંથાયેલું હોવું જોઈએ, જેથી તે નાટકને ઉઠાવ આપવામાં મદદરૂપ થઈ પડે. આ સંગીત કંઠય કે વાદ્ય હોઈ શકે. સંગીતથી નાટકમાં વૈવિધ્ય આવે છે અથવા તો તે રંજનતત્વ પૂરું પાડે છે. આવી દષ્ટિથી નાટકમાં સંગીતનો ઉપયોગ કરવામાં આવે, તો તે નાટકને ઉપકારક નીવડવાને બદલે હાનિકારક નીવડે છે.

રેડિયો –નાટિકા શબ્દના તખ્તા પર ભજવાય છે, શબ્દો વસ્તુ ને પૂરતો ન્યાય ન આપી શકે. એ માટે વસ્તુ તખ્તા પર દશ્ય બનાવવામાં આવે છે. ''ગ્રીક નાટકોમાં નાટયકારો શબ્દને અને ચિત્રાત્મક ભાતીગળ વાકયરચનાને મહત્તા આપતા. એલિઝાબેથના યુગમાં પ્રેક્ષકોની કલ્પનાને ઉત્તેજિત કરવા ધ્વનિ 'કઃગ્ધમ' નો ઉપયોગ થતો.[૩] રેડિયો–નાટિકામાં શબ્દો ધ્વનિની જેમ શ્રોતાના મનમાં ચિત્રો ઊભાં કરે છે. પાણીમાં પડેલી કાંકરી અનેક વર્તુળો ઊભાં કરી કિનારે પહોંચે છે, તેમ શબ્દ અર્થના અનેક વર્તુળો ઊભાં કરી તે શ્રોતાના મનને આવરી લે છે, તેથી રેડિયો– રૂપક લેખકે અને એકાંકી કારે શબ્દની શકિત પિછાણી લેવી જોઈએ.

## ધ્વનિકા અને એકાંકી :

ધ્વનિકા અને એકાંકી વચ્ચેનો મહત્વનો ભેદ નોંધપાત્ર છે. ધ્વનિકા માત્ર હવાના માધ્યમથી અવાજનાં મોજાંથી માણવાની હોય છે, કાનથી સાંભળવાની હોય છે, કલ્પના દ્વારા મનમાં સાકાર કરવાની હોય છે, જયારે એકાંકી આંખથી જોઈ, કાનથી સાંભળી, ગળે ઉતારવાનુ હોય છે. ધ્વનિકા માટે દિવ્યચક્ષુની જરૂર છે. એકાંકી માટે ચર્મચક્ષુની જરૂર છે.

ધ્વનિકા શ્રવણેન્દ્રિય કલા છે. એની માવજત કુશળતાપૂર્વક થવી જોઈએ. ધ્વનિકા પૂર્ણ થયા પછી પણ એના ભણકારા સતત વાગે તેવી રજૂઆત થાય, તો જ તે શ્રોતાઓને પકડી રાખી શકે. આજકાલ સામાન્ય ઘટનાઓ પરાથી સાંપ્રત પ્રશ્નોની છણાવટ કરતી ધ્વનિકા રેડિયો રૂપકને ઊંડી ખાઈમાં પડતાં કેવી રીતે ઉગારશે ? ચંદ્રવદન મહેતાની કેડીએ ચાલનાર આજે કોઈ ભેખધારી દેખાય છે ખરો ?

## રંગભંડારનું અવતરણ :

૧૯૫૩ માં ચંદ્રવદન મહેતાનું 'રંગભંડાર' પ્રકાશિત થયું, જેને લોકોએ ભાવસભર આવકાર આપી નવાજયું. આ ચંદ્રવદન મહેતાનું અણમોલ નજરાણું હતું. જે બહુમૂલ્ય રેડિયો–રૂપકોનો સંગ્રહ છે. તેમાં રેડિયો–નાટક–રૂપક મીમાંસા શીર્ષક હેઠળ તેમણે

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Refereed e-Journal

મીમાંસામાં રેડિયો–નાટિકા–રૂપક ઈત્યાદિનાં સ્વરૂપ–લક્ષણો વિષે આપેલી સમજ અમૂલ્ય, રસપ્રદ અને ચિંત્ય છે. રેડિયો–નાટક એ શ્રાવ્ય નાટયપ્રકાર છે. રંગભૂમિ પર ભજવાતા નાટકો દશ્ય –શ્રાવ્ય હોય છે. ચંદ્રવદન મહેતાએ આ વિશિષ્ટ શ્રાવ્ય નાટય પ્રકારની ઉત્તમ મીમાંસા કરી છે. તેમાં તેમનું તદ્વિષયક જ્ઞાન–અનુભવ, વિચાર અને વિવેચકની યોગ્યતા સાથે અહીં પ્રગટ થયું છે, છતાં તેમાંની કેટલીક રેડિયોનાટિકાઓ એ ઉત્તમ આદર્શ સ્વરૂપને સંતોષકારક ન્યાય આપી શકી નથી. રેડિયો–નાટિકાઓ આમ તો એકાંકી જ કહેવાય, પરંતુ તેમાં ભાવકોનો ભાવજગતમાં માત્ર શબ્દો દ્વારા જ પહોંચવાનું હોય છે, એ એની મર્યાદા છે, તેથી શ્રોતાઓ માત્ર શ્રવણ કરીને જ મનોમન રસ નિષ્પત્તિની બધી પ્રક્રિયામાંથી પસાર થઈને તેનો આસ્વાદ માણી શકે, તે રીતે જ આકાશવાણી પરથી તેનું પ્રસારણ થવું જોઈએ.

## સમીક્ષા :

''એકાંકી નાટયકલાનાં ઘણાખરાં તત્વો તો એમાં હોય જ, પરંતુ પ્રથમ નાટિકા 'રંગભંડાર'માં જ નથી કશો સંઘર્ષ×, નથી પાત્રાલેખનની કોઈ વિલક્ષણતા, નથી કાર્ય વેધકતા કે નથી ચોટદાર યાદ રહી જાય એવા અંતની સુરેખતા. યથા નામ તથા ગુણ.'રંગીલા' અને સુરા બંને બોલકાં પાત્રો, બંને કેવળ વાતો કરે છે.'' સુરા અનેક યુવાનોને હથેલીમાં નચાવે છે, પરંતુ અન્ય કોઈ યુવાન સાથે પ્રણયના ઉત્તેજક તીવ્ર સંઘર્ષમાં ઊતર્યા વિના 'રંગીલા' નાટકને અંતે સુરને પામે છે, પણ એમાં ય નાટયચોટનો અનુભવ સહેજ પણ થતો નથી. વળી નાટકમાં કોઈ ખાસ ઘટના પણ બનતી નથી. માત્ર ચટકીલા સંવાદો, વર્ણનચાતુરી તથા હળવા કટાક્ષથી શ્રોતાઓનું મનોરંજન કરવાનો પ્રયાસ લેખકે કર્યો છે, જેથી રેડિયો–નાટિકાની આવશ્યક વિશિષ્ટ ખૂબીની કે નાટયકલાની વિલક્ષણ શૈલીની અનુભૂતિ થતી નથી.